# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

(ગુજરાતસરકારનું સાહુસ)

**મુખ્ય ઇજનેરની કચેરી, ઝોન-૧,**''જલસેવાભવન'', ત્રીજો માળ, ગેરીકેમ્પસ, રેસકોર્સ, વડોદરા-૦૭

ફોન : ૯૯૭૮૪૪૧૧૦૭/૦૮ ફેકસ નં:- ૦૨૬૫-૨૩૩૩૦૯૧Email : cezone1@gmail.com


## પરિપત્ર

**વિષયઃ** ટેન્ડરમાં IP Address અંગેની જોગવાઇ રાખવા બાબત.

સંદર્ભ: અત્રેની કચેરીના પત્ર નં. એબી/ઝોન-૧/૧૧૯૭ તા. ૧૨/૫/૨૦૨૦

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, અત્રે ધ્યાને આવેલ છે કે, અત્રે સાદર કરવામાં આવતા ટેન્ડરોના બાયર/સપ્લાયરના લોગ રીપોર્ટ (n)procure ની સાઇટ ઉપરથી સીધેસીધો pdfમાં ડાઉનલોડ કરવાને બદલે Excelમાં ડાઉનલોડ કરી તે લોગ રીપોર્ટ સાદર કરવામાં આવે છે, જેની વિશ્વસનિયતા અંગે પ્રશ્ન ઉપસ્થિત થઇ શકે તેમ છે. જેથી લોગરીપોર્ટ સીધેસીધા pdf ફોરમેટમાં ડાઉનલોડ કરી ટેન્ડરની સાથે ફરજીયાત રજુ કરવા સંદર્ભ હેઠળના પત્રથી જણાવેલ. ટેન્ડરના લોગરીપોર્ટ ચકાસતાં ઘણા ટેન્ડરમાં ભાગ લીધેલ એક થી વધુ એજન્સીઓના IP Address એક જ સરખા માલુમ પડેલ. જેથી ટેન્ડરમાં વિસંગતતા ઉભી થવા પામે છે અને ટેન્ડરમાં તંદુરસ્ત હરીફાઇયુકત ભાવો મેળવી શકાતા નથી અને ટેન્ડરમાં ઇજારદારશ્રી ધ્વારા ભરવામાં આવેલ ભાવો બાબતે વિશ્વસનિયતા જળવાતી નથી. જેથી હવે ટેન્ડરમાં IP Address અંગે નીચે મુજબની જોગવાઇ રાખવા આથી સુચના આપવામાં આવે છે.

**Section-I : Information to Bidders**

**(xiii) The bidder shall be disqualified if ;**

d. *If IP address of one or more participated bidders are found duplicate/ same/ doubtful, GWSSB will consider that contractors have made RING while bidding and department will reject all such doubtful bids and action for blacklisting or/ and debarring of business will be taken against those contractors.*

(એન.એમ.પટેલ)
મુખ્ય ઇજનેર, ઝોન-૧

જા.નં. : એબી/ઝોન-૧/IP Adress/ ૨૩૨૫ તા. ૩૦/૫/૨૦૨૦

- નકલ સાદર રવાના પ્રતિ, નાણાં નિયંત્રકશ્રી, ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર તરફ જાણ સારૂ.
- નકલ રવાના પ્રતિ, કાર્યપાલક ઇજનેરશ્રી, જા.આ.બાં.વિભાગ/યાં.વિભાગ (સર્વે) તરફ જાણ તથા ઉપરોકત સુચનાઓનો ચુસ્તપણે પાલન કરવા સુચના આપવામાં આવે છે.
- નકલ રવાના પ્રતિ, નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, ઝોન-૧, વડોદરા (સર્વે) તરફ જાણ તથા જરુરી કાર્યવાહી સારુ.
- નકલ માસ્ટર ફાઇલ.
- નકલ રવાના પ્રતિ, અધિક્ષક ઇજનેરશ્રી, જા.આ.વર્તુળ/યાં.વર્તુળ, વડોદરા/ગોધરા તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

\\zonelserver\g$\ZONEDATA\AB\IP address GR.doc